# વલસાડમાં કાદવ-કીચડથી લોકો ત્રસ્ત



**પાલિકાની** પ્રિ-મોન્સૂન કામગીરી પહેલા વરસાદમાં જ ધોવાઇ ગઇ

વલસાડઃ વલસાડ નગરપાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાનિંગના મોટા-મોટા દાવાઓની પોલ મોગરાવાડી વિસ્તારમાં પહેલા જ વરસાદે ખોલી નાખી છે. મોગરાવાડી નાયરા પેટ્રોલ પંપ પાસે છેલ્લા ૮ મહિનાથી રસ્તો મંજૂર થયો હોવા છતાં કોન્ટ્રાક્ટર અને પાલિકાની આળસને કારણે રસ્તાનું કામ અધ્ધરતાલ લટકી રહ્યું છે. અત્યાર સુધી ધૂળની ડમરીઓ સહન કરતા સ્થાનિકો માટે ગત રાત્રે પડેલા સામાન્ય વરસાદે આફત સર્જી દીધી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૮ મહિનાથી આ રસ્તો ખોદીને એમ જ છોડી દેવાયો હતો, જેના કારણે ઉનાળામાં ભારે ધૂળ ઉડતી હતી. ગત રાત્રે પડેલા વરસાદને કારણે આ સમગ્ર માટી ધોવાઈને ચીકણા કાદવમાં ફેરવાઈ ગઈ છે.

રસ્તા પર એટલો ભારે કાદવ જામી ગયો છે કે, વાહનચાલકો તો ઠીક, પગપાળા બહાર નીકળવું પણ અશક્ય બન્યું છે. સ્થાનિકોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું છે કે ટેક્સના નામે કરોડો રૂપિયા વસૂલતી પાલિકા મોગરાવાડીના રહીશોને એક પાકો રસ્તો આપવામાં પણ નાકામ સાબિત થઈ છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ પડશે તો આ માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ જશે અને મોગરાવાડી વિસ્તારના લોકો ઘરમાં કેદ થઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

# ડાંગમાં વરસાદ, વાવાઝોડાથી અનેક સ્થળોએ નુકસાન

**શાળાઓના** પતરા ઊડ્યા, અનેક વૃક્ષો ધરાશાયી



ગિરીશ ભોયે

સાપુતારાઃ સોમવારે મોડી રાત્રે જિલ્લાના આહવા, વઘઈ, સુબીર, સાપુતારા, પૂર્વ પટ્ટી સહિત સરહદીય વિસ્તારોમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ સાથે ફૂંકાયેલા વાવાઝોડાના કારણે અનેક સ્થળોએ નુકસાન પણ નોંધાયું હતું. જેમાં આહવા તાલુકાનાં ખેર્યા ગામની પ્રાથમિક શાળાના ઓરડાઓ પર લગાવવામાં આવેલા પતરા ભારે પવનના કારણે ઊડી જતાં શાળાને ભારે નુકસાન થયું હતું. વઘઈ તાલુકામાં વઘઈ-આહવા રાજ્ય ધોરીમાર્ગ પર પીંપરી ગામ નજીક એક વિશાળ સાઇનબોર્ડ માર્ગ પર ધરાશાયી થયુ હતું.

જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સાપુતારામાં પણ વાવાઝોડાએ તારાજી સર્જી હતી. પ્રવાસન સ્થળોના કેટલાક વિસ્તારોમાં મધ્યમ કદના વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા, જેના કારણે થોડા સમય માટે અવરજવર પ્રભાવિત થઈ હતી. વરસાદ બાદ મંગળવારે સવારે સમગ્ર ડાંગ જિલ્લામાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને હવામાન આહલાદક બન્યું હતું. આહલાદક વાતાવરણનો આનંદ માણવા માટે સાપુતારા ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. વરસાદ અને ઠંડકભર્યા માહોલને કારણે પ્રવાસન સ્થળોએ પણ ભારે ચહલપહલ જોવા મળી હતી. સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓએ વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઓનો આસ્વાદ માણી ધન્યતા અનુભવી હતી.

# વલસાડ-વાપીમાં સવારે વરસાદ બપોરે અસહ્ય બફારાથી લોકો હેરાન

**થોડા** વરસાદના કારણે જમીનમાંથી વરાળ નીકળવા લાગી, બફારાએ લોકોને અકળાવ્યા

વલસાડઃ વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં હવામાનનો મિજાજ સતત બદલાઈ રહ્યો છે. ગઈકાલના વરસાદી ઝાપટા બાદ, આજે પણ વહેલી સવારે મળસ્કે 4 વાગ્યે અચાનક વાતાવરણ પલટાયું હતું. જોરદાર વરસાદી ઝાપટું તૂટી પડ્યું હતું. ભર ઊંઘમાં પોઢી રહેલા વલસાડવાસીઓ વહેલી સવારના ઠંડા પવન અને વરસાદના અવાજથી જાગી ગયા હતાં.

મળસ્કે પડેલા વરસાદ બાદ સવાર થતાં જ આકાશ સંપૂર્ણપણે ચોખ્ખું થઇ ગયું હતું. જેમ-જેમ દિવસ આગળ વધ્યો, તેમ તીવ્ર તડકો નીકળતાં વાતાવરણ ફરી ગરમ બન્યું હતું. વહેલી સવારે પડેલા પાણીના કારણે જમીનમાંથી નીકળેલી વરાળ અને હવામાં ભેજના ઊંચા પ્રમાણને લીધે અસહ્ય બફારો શરૂ થયો હતો. બપોર થતાં સુધીમાં તો સ્થિતિ એવી સર્જાઈ હતી કે તીવ્ર તડકા અને અસહ્ય ઉકળાટને કારણે લોકો રીતસર ગરમીમાં શેકાયા હતા. ઘર કે ઓફિસની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું. સ્થાનિક વેપારીઓ અને નોકરિયાત વર્ગ માટે આ વાતાવરણ ખૂબ જ આકરું સાબિત થઈ રહ્યું છે.

## વાપીમાં વીજળીના ચમકારા અને વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો

વાપીઃ વાપીમાં થોડા દિવસ અગાઉ જ વરસાદી ઝાપટું પડયું હતું. ત્યારબાદ વાતાવરણ ચોખ્ખું રહ્યું હતું. ગરમીમાં થોડે અંશે રાહત થયા બાદ પરિસ્થિતિ જૈસે થે બની હતી. જયારે સોમવારે પણ સવારે અચાનક વાદળછાયું વાતાવરણ બની ગયું હતું અને વરસાદ વરસી પડશેનું લોકો માની રહ્યા હતાં. પરંતુ તે બાદ વાતાવરણ ફરી ચોખ્ખુ થઈ ગયું અને ફરીથી લોકો ગરમીમાં શેકાયા હતાં. મંગળવારે મળસ્કે આશરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ જોરદાર પવન ફૂંકાવાનો શરૂ થયો હતો. અચાનક વાવાઝોડા સાથે વીજળીના ચમકારા થયા હતા અને જોરદાર વરસાદ વરસ્યો હતો. આ ઘટનાક્રમ અડધોથી પોણો કલાક ચાલ્યો હતો. વાવાઝોડા સાથે વરસેલા વરસાદને પગલે ઘરની આસપાસ આવેલા નાના-મોટા વૃક્ષો ધરાવનારાઓના જીવ તાળવે ચોંટ્યા હતાં. આ વરસાદી માહોલ સર્જાતા લોકોએ ગરમીથી થોડે અંશે રાહત અનુભવી હતી. દિવસ ચડતો ગયો અને ફરીથી ગરમી તેજ થઈ જવા પામી હતી.

## વાંસદામાં વરસાદથી કેરીના પાકને નુકસાનની ભીતિ

વાંસદાઃ વાંસદા પંથક સહિત આસપાસના વિસ્તારોમાં મધ્ય રાત્રિના આશરે અઢી વાગ્યાના અરસામાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ તૂટી પડતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. હાલ કેરીની સીઝનમાં ખેડૂતોએ મોટે ભાગનો કેરીનો પાક તો ઉતારી લેવાયો છે, પરંતુ કેટલાક આંબા પર બાકી રહેલી કેરીઓ રાત્રિના વરસાદ અને તેજ પવનના કારણે જમીન પર પડી જતા કેરી ઉત્પાદક ખેડૂતોને થોડી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ વરસાદના કારણે પાકના સંગ્રહ અને વેચાણ પર પણ અસર પડી શકે છે.

આ છે ડિજિટલ ઇન્ડિયાનો એક્સ-રે

# વાંસદામાં 1 વર્ષ પછી પણ છાત્રાનું આધારકાર્ડ અપડેટ થયું નહીં!

**અનેક** કચેરીઓમાં રજૂઆતો માટે પુષ્કળ ધક્કા ખાધા આમ છતાં સમસ્યા ઠેરની ઠેર

વાંસદાઃ ડિજિટલ ઇન્ડિયાના દાવાઓ વચ્ચે વાંસદામાં રહેતા એક પરિવારને પોતાની દીકરીનું આધાર કાર્ડ ફરીથી કાર્યરત કરાવવા માટે છેલ્લા એક વર્ષથી વિવિધ કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યા છે, છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી.

મૂળ મહેસાણા જિલ્લાના વતની અને છેલ્લા ઘણા સમયથી વાંસદા પંથકમાં ધંધા-રોજગાર કરીને જીવન નિર્વાહ કરતો એક પરિવાર પોતાની દીકરી દંતાણી કલ્પનાબેન સંજયભાઈના આધાર કાર્ડની સમસ્યાને લઈને પરેશાન છે. પરિવાર પાસેથી મળતી માહિતી મુજબ દીકરીનું આધાર કાર્ડ અગાઉ નિયમિત રીતે કાર્યરત હતું. આધાર કાર્ડ અપડેટ કરાવ્યા બાદ, જ્યારે દીકરી ધોરણ-8માં પ્રવેશી અને શાળા, બેંક સહિતના વિવિધ કામો માટે આધાર કાર્ડની જરૂર પડી, ત્યારે સંબંધિત સ્થળોએ આધાર કાર્ડ બંધ હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ પરિવારજનોએ અનેક વખત બેંકો, શાળાઓ અને આધાર અપડેટ કેન્દ્રોમાં સંપર્ક કર્યો હતો. દરેક વખતે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને રસીદ આપવામાં આવી અને ટૂંક સમયમાં આધાર કાર્ડ કાર્યરત થઈ જશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. તેમ છતાં એક વર્ષથી વધુ સમય વિત્યા બાદ પણ આધાર કાર્ડ હજુ પણ બંધ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં પરિવાર પોતાના મૂળ વતન મહેસાણા ખાતે પણ આધાર કાર્ડની સમસ્યાના નિરાકરણ માટે પહોંચ્યો હતો, પરંતુ ત્યાંથી પણ કોઈ હકારાત્મક પરિણામ મળ્યું નથી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ નિયમિત રીતે કાર્યરત રહેલું આધાર કાર્ડ અચાનક કેવી રીતે બંધ થઈ ગયું ? આમ ટેકનિકલ ખામીઓના કારણે ઘણા સામાન્ય નાગરિકોને લાંબા સમય સુધી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો હોવાની ચર્ચા પણ ઉઠવા પામી છે.

## દીકરીની સ્કોલરશીપ અને અભ્યાસ પર અસર

દીકરીના વાલીએ કહ્યું હતું કે, મારી દીકરીનું આધાર કાર્ડ અગાઉ તમામ જગ્યાએ માન્ય હતું. પરંતુ ધોરણ-8માં પ્રવેશ બાદ શાળા અને બેંકમાં આધાર કાર્ડની જરૂર પડતાં તે બંધ હોવાનું જણાવાયું. છેલ્લા એક વર્ષથી અમે સતત પ્રયત્નો કરી રહ્યા છીએ, છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. પરિણામે દીકરીની સ્કોલરશીપ અટકી ગઈ છે અને તેના આગળના અભ્યાસમાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. જો આ જ સ્થિતિ રહેશે તો અમારે દીકરીને અભ્યાસ છોડાવવાની નોબત આવી શકે તેમ છે.

# ધરમપુરના મધુરી ગામમાં જંગલી ડુક્કરોનો હુમલોઃ 8ને ઈજા, બે ગંભીર

**ત્રણ** બાળકો સહિત આઠને ઇજાગ્રસ્ત કરનારા જંગલી ડુક્કરનો ત્રાસ દૂર કરવા લોકોની માગણી

ધરમપુરઃ ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તાર એવા મધુરીગામમાં સોમવારે સવારે આશરે ૧૧ વાગ્યે જંગલી ડુક્કરે અચાનક હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ હુમલામાં ત્રણ બાળકો સહિત કુલ ૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. જ્યારે એક મહિલા અને એક પુરુષને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

હુમલામાં કૃણાલ મહેન્દ્ર પવાર (ઉ.વ. ૧૧), વિહાન નંદા બકાલ (ઉ.વ. ૧૦) અને બંટી કાંતિલાલ દડવી નામનાં બાળકો ઈજાગ્રસ્ત થયાં હતાં. જેમાં વિહાન અને બંટીના હાથમાં ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે કૃણાલને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

આ ઉપરાંત લક્ષી ચિંતુ ભોયા (ઉ.વ. ૩૦), પ્રકાશ સંતા ગાંગુડે (ઉ.વ..૨૪), બાબુરાવ ગોવિંદ પવાર (ઉ. વ. ૩૫) અને હીરે જાનિયા બોકે (ઉ.વ.૫૦) જેઓને પણ જંગલી ડુક્કરના હુમલામાં ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે પિંડવળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતાં. હુમલામાં જહીરામ પાંડુ ભાવાવ હાથની આંગળીઓમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રથમ રાજચંદ્ર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે યસુદી ત્રિમક ગાંગુડા (ઉ.વ.૫૫)ને પણ ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ પિંડવળ પીએચસીમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્ય હતું.

યસુદીબેન ગાંગુડા અને જહીરામભાઈ ભરવાડ ગામના સરોવર ડેમમાં મનરેગા યોજના હેઠળ પુરાણ કાઢવાની કામગીરી કરી રહ્યા હતા ત્યારે જંગલી ડુક્કરે તેમના પર હુમલો કર્યો હતો. ત્યારબાદ ડુક્કરે અન્ય ગ્રામજનો અને બાળકોને પણ નિશાન બનાવ્યા હતાં. ઘટનાની જાણ થતાં મધુરી ગામના પટેલ રમેશ દેવરામ ભોયા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની વ્યવસ્થા કરી હતી. તેમણે સમગ્ર ઘટનાની લેખિત જાણ પંગારબારી રેન્જના આર.એફ.ઓ. ભૂમિકાબેન પટેલને કરી હતી.

આ અંગે આર.એફ.ઓ. ભૂમિકાબેન પટેલે જણાવ્યું હતું કે ઈજાગ્રસ્તોના જરૂરી તબીબી પ્રમાણપત્રો મળ્યા બાદ સરકારની જોગવાઈ મુજબ વળતર ચૂકવવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત ગામમાં જંગલી ડુક્કરોનો ઉપદ્રવ ઘટાડવા અને આવા બનાવો ફરી ન બને તે માટે પ્રયાસો કરાશે. જંગલી ડુક્કરના આ હુમલાની ઘટનાને લઈને સમગ્ર મધુરી ગામમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ વન વિભાગ દ્વારા તાત્કાલિક અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

# પતિ-પત્ની ઔર વોઃ મહિલાના ઘરે પહોંચેલી પત્નીને માર માર્યો

**સમજાવવા** આવેલા પત્નીના ભાઈને પણ માર મારી ગોળી મારી દેવાની ધમકી આપી

વાપીઃ વાપી ગીતાનગર સ્થિત મેજિસ્ટ્રિક હોમ બિલ્ડિંગમાં ઈકરાબાનુ અઝરૂદ્દીન ખાન (ઉં.27) રહે છે. તેમના પતિ અઝરૂદ્દિન વાપીના એક શોરૂમની પાછળ આવેલ બિલ્ડીંગમાં રહેતી મહિલા સાથે વાતચીત કરતા રહે છે. ઈકરાબાનુ તથા પતિના મિત્રની પત્ની સાથે વાપીના શોરૂમ પાછળ રહેતી મહિલાના ઘરે પહોંચી ગઈ હતી અને કહ્યું કે, મારા પતિ સાથે દમણ ગયેલ કે કેમ? જેથી તેણે જણાવ્યું કે, હું નથી ગઈ અને તમારા પતિએ ફોન કરેલ હતો. જે બાદ મહિલાના માતાએ ઈકરાબાનુને જણાવ્યું કે, તું કેમ ખોટા આક્ષેપ કરે છે કહી તેઓની વચ્ચે બોલાચાલી થઈ હતી.

આ વાતની જાણ ઈકરાબાનુએ પતિ અઝરૂદિનને કહેતા તેઓ મિત્ર સાથે ત્યાં આવ્યો હતો અને તે બાદ બિલ્ડીંગ નીચે આવતા પતિએ જણાવેલ કે, અહીં કેમ આવી? તેમ કહી પત્નીને ઝૂડી નાંખી હતી અને ત્યારબાદ ગાડીમાં બેસવાનું જણાવતા પત્નીએ ના પાડી હતી. જેથી તે વધુ ઉશ્કેરાયા અને ફરીથી તેને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. તે તમામ ગાડીમાં બેસી વાપી ચાર રસ્તા સ્થિત સોનોરસ બિલ્ડીંગ પાસે આવ્યા ત્યાં મિત્ર અને તેની પત્નીને નીચે ઉતરવા માટે કહ્યું હતું અને તેઓની સાથે ઈકરાબાનુ પણ ઉતરી ગઈ હતી. જેથી પતિએ ફરીથી પત્નીને ગાડીમાં બેસી જવાનું જણાવ્યું અને પત્નીએ ના પાડી હતી જેથી તે વધુ ઉશ્કેરાયા અને ફરીથી મારઝૂડ કરી હતી. જેથી ઈકરાબાનુએ તેના પિયર પક્ષને ફોન કરતા તેઓ આવતા તેઓની સાથે બોલાચાલી કરી હતી અને ગાડીમાંથી સળિયો લાવી પત્નીના ભાઈ સાથે ધક્કામુક્કી કરી ગોળી મારી ખતમ કરી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. ઈજાગ્રસ્ત ઈકરાબાનુને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. આ બનાવ અંગે ઈકરાબાનુએ વાપી ટાઉન પોલીસ મથકમાં પતિ અઝરૂદિન એનુદિન ખાન સામે ફરિયાદ નોંધાવી હતી.

# કર્મચારીને રૂ. બે લાખ ચૂકવવા લેબર કોર્ટનો કંપનીને આદેશ

**કર્મચારીની** ગેરહાજરી પુરવાર કરવામાં કંપની નિષ્ફળ રહી

વલસાડઃ વાપીની પ્રતિષ્ઠિત કંપની 'નિકુંજ ફેબ્રીક્સ પ્રા.લિ.' અને કામદાર વચ્ચે છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા કાનૂની વિવાદમાં વલસાડ લેબર કોર્ટે કામદારની તરફેણમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે કંપનીને આદેશ આપ્યો છે કે, તેઓ અરજદાર કામદારને રૂા. 2,00,000 તેમજ કેસ ખર્ચની રકમ ચૂકવી આપે.

વાપી ખાતે રહેતા કામદાર ચંદ્રપ્રકાશ પાંડેને ચાલુ ફરજ દરમિયાન ગેરહાજરીના આરોપો લગાવીને, કંપની દ્વારા કહેવાતી ખાતાકીય તપાસ કરીને નોકરીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા હતાં. કંપની દ્વારા અવારનવાર કામદારોને આવા કથિત અને ઉપજાવી કાઢેલા કારણોસર છૂટા કરવાની ઘટનાઓ સામે આ મામલે વલસાડની નામદાર લેબર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં લેબર કોર્ટે કંપની દ્વારા કરવામાં આવેલી ખાતાકીય તપાસને ગેરકાનૂની ઠેરવી હતી. ત્યારબાદ, લેબર કોર્ટના ઈતિહાસમાં બહુ જૂજ કિસ્સાઓમાં બને છે તેમ, કોર્ટે કંપનીને કોર્ટ સમક્ષ ફરીથી આરોપો સાબિત કરવા માટે 'ડીનોવો ઈન્કવાયરી' (ફરીથી તપાસ) કરવાની તક આપી હતી. આ બીજી તક મળવા છતાં કંપની કામદાર પર લાગેલા ગેરહાજરીના આરોપો સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. વલસાડના ગરવી ગુજરાત લેબર યુનિયનના માધ્યમથી આ કેસ લડવામાં આવ્યો હતો.

યુનિયનના એડવોકેટ કૌશિકભાઈ કપ્તાન દ્વારા કંપનીના સાક્ષીની કરવામાં આવેલી ઉલટ તપાસ આખા કેસને કામદારની તરફેણમાં વાળવા માટે અત્યંત મહત્વની સાબિત થઈ હતી. એડવોકેટ કૌશિકભાઈએ સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અને મજબૂત લેખિત દલીલો રજૂ કરીને કોર્ટ સમક્ષ ન્યાયની માગણી કરી હતી, જેના આધારે કોર્ટે આખરી ચુકાદો સંભળાવ્યો હતો.

# વલસાડમાં માટી ચોરો પાસેથી 3.48 લાખનો દંડ વસૂલાયો

**વલસાડના** પીઠા ગામના તળાવમાંથી માટી ચોરી રહ્યા હતા ત્યારે ટીમ ખાબકી

વલસાડઃ વલસાડ ખાણ ખનિજ વિભાગે વલસાડ તાલુકાના પીઠાગામના તળાવમાંથી સાદી માટીનું ગેરકાયદે ખનન, વહનનું કૌભાંડ પકડી પાડ્યું હતું.

રૂ.70 લાખની કિંમતનાં વાહનો સીઝ કરવાની ઘટનામાં રૂ.3,34,535 લાખનો દંડ અને રૂ.14160ની ઇ .સી.એફ.રકમ મળી કુલ રૂ.3,48,695ની. રકમ ભરપાઈ કરવાની કાર્યવાહી બાદ કસૂરદાર દ્વારા દંડનીય રકમ ભરપાઈ કરી દેવાઈ હતી.

જયારે માટીના બિન અધિકૃત વહન બદલ 1 ટ્રકમાં સાદી માટી હોય જીઓ માઇન એપ્લિકેશન દ્વારા વાહનને 1 માસ માટે સીઝ કરી રૂ.98,623નો દંડ ફટકારાયો હતો.

ખાણ ખનિજ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ વિભાગની તપાસ ટીમ દ્વારા પીઠા ગામે ઓચિંતી તપાસ કરતાં તળાવમાં ગેરકાયદેસર સાદી માટી ખનન વહન માટે ઉપયોગ કરવામાં આવેલ 01 જેસીબી મશીન,02 ડમ્પર(06 ટાયર) અને 02 ટ્રેક્ટર મળી રૂ. 70 લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો. માપણી બાદ રૂ.3,34,535 લાખનો દંડ અને રૂ.14160ની ઇ .સી. એફ.રકમ મળી કુલ રૂ.3,48,695ની રકમ ભરપાઈ કરવાની કાર્યવાહી બાદ કસૂરદાર દ્વારા દંડનીય રકમ ભરપાઈ કરી દેવાઈ હતી.

# વલસાડમાં સાયબર ગઠિયાએ વૃદ્ધના 93 હજાર સેરવી લીધા

વલસાડઃ વલસાડના તડકેશ્વર વિસ્તારમાં રહેતા 60 વર્ષીય રાજેન્દ્રકુમાર હસમુખલાલ દેસાઈએ ફરિયાદ નોંધાવી છે કે 25 મેના રોજ તેમના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે જિયો માર્ટનું પેમેન્ટ બાકી હોવાનું જણાવી મોબાઈલમાં એક રૂપિયા ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા કરાવી હતી. ફરિયાદીના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લેવામાં આવ્યો હતો. ઠગે ફરિયાદીના બેંક ખાતામાંથી ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. 93,140 ઉપાડી લીધા હોવાનું બહાર આવ્યું હતું. બેંક ખાતામાંથી રકમ કપાઈ જવાના મેસેજ મળતાં ફરિયાદીને છેતરપિંડીની જાણ થઈ હતી.

# વાંસદામાં એરટેલ નેટવર્કમાં ધાંધિયા

વાંસદાઃ વાંસદા વિસ્તારમાં બપોરના સમયે આશરે પાંચ કલાક સુધી મોબાઈલ નેટવર્ક સંપૂર્ણ બંધ રહ્યું હતું. વાંસદા વિસ્તારમાં એરટેલ કંપનીના નેટવર્કમાં ખામી સર્જાતા હજારો ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આશરે પાંચ કલાકથી વધુ સમય સુધી એરટેલના સિમકાર્ડ ધારકોના મોબાઈલમાં નેટવર્ક સંપૂર્ણપણે બંધ રહેતા ઈન્ટરનેટ, ઈનકમિંગ અને આઉટ ગોઈંગ કોલની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. નેટવર્ક ઠપ થતાં લોકોને જરૂરી ફોન કોલ, મેસેજ અને ઓનલાઈન સેવાઓનો લાભ મળી શક્યો નહોતો. અનેક ગ્રાહકો અગત્યના સંપર્કો ન થઈ શકતાં મૂંઝવણમાં મૂકાયા હતા.


Muthoot Homefin

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસ : યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જાહેર કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાતી સદર અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અહીં નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ | દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/ લોન એકાઉન્ટ નં./ શાખાનું નામ | સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) ની ટૂંકી વિગત | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂપિયા) | કબ્જો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત | સ્થાવર મિલકતોઃ બી-402 અક્ષર પેલેસ પ્લાઝા સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394315. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ નં. 12250 તારીખ 01-09-2017માં વધુ વિગતવાર દર્શાવેલ છે. જેની સીમાઓઃ- ઉત્તરઃ ઓ.ટી.એસ, દક્ષિણઃ પેસેજ, પૂર્વઃ ફ્લેટ નં. 402, પશ્ચિમઃ દાદર | 10-સપ્ટેમ્બર-2019/ રૂ. 8,74,930/- રૂપિયા આઠ લાખ ચુંમોતેર હજાર નવસો ત્રીસ પૂરા. | 31-05-2026 |
| 2. | અખિલેશરાઈ મહેશરાઈ ભૂમિહાર/ રિંકુદેવી અખિલેશ ભૂમિહાર/ 004-00000810/ સુરત | ફ્લેટ નં 202 બિલ્ડિંગનું નામ અને નં કુમકુમ રેસીડેન્સી સર્વે નં બ્લોક નં. 2,4,5,11/A,12,13/A,14,15,16,39,40/A,41,42,43,156,323/A,325,326 સ્થળ પલસાણા લેન્ડમાર્ક સોની પાર્ક હાઉ. સોસાયટી-2 ગામનું નામ તાંતીથૈયા જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- 394315 ઉત્તર- ફ્લેટ નં. 201, દક્ષિણ- અન્ય પ્લોટ, પૂર્વ- અન્ય મિલકત, પશ્ચિમ- ફ્લેટ નં. 203 | 14-એપ્રિલ-2025/ રૂ. 4,37,318/- રૂપિયા ચાર લાખ સાડત્રીસ હજાર ત્રણસો અઢાર પૂરા. | 31-05-2026 |
| 3. | કલ્લુ દિલીપસિંહ રાજપૂત/ રીનાબેન કલ્લુભાઈ રાજપૂત/ 004-00404007/ સુરત | ફ્લેટ નં. A 105, પહેલો માળ, સત્યમ રેસીડેન્સી- A, સાહિબા મીલની સામે, ઓફ. સુરત- બારડોલી હાઇવે, જોલ્વા, પલસાણા, સુરત, ગુજરાત સર્વે નં. R.S. નં. 159/2/A/, 159/2/B, બ્લોક નં.: 183, 184, પ્લોટ નં. 17,18,19 લેન્ડમાર્ક સાહિબા મીલની સામે, જોલ્વા રોડ નજીક જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત પિનકોડ- 394310 દિશાઓ ઉત્તર- રોડ, દક્ષિણ- અડીને આવેલ બિલ્ડિંગ, પૂર્વ- અડીને આવેલ પ્લોટ, પશ્ચિમ- સોસાયટી માર્જિન | 20-મે-2025/ રૂ. 4,76,395/- રૂપિયા ચાર લાખ છોતેર હજાર ત્રણસો પંચાણું પૂરા. | 31-05-2026 |
| 4. | યુવરાજભાઈ સાહેબરાવ શિંદે/ ઉષાબેન યુવરાજભાઈ શિંદે/ 004-00404221/ સુરત | ફ્લેટ નં. A-303, બીજો માળ, રાધે રેસીડેન્સી- A, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-2, ઓફ-સુરત બારડોલી હાઇવે, બગુમરા, પલસાણા, સુરત સર્વે નં. R.S.- 209, બ્લોક નં. 273 લેન્ડમાર્ક સાઈ વાટિકા રો હાઉસ વિભાગ- 2 જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ-394327 દિશાઓ ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સોસાયટી રોડ, પૂર્વ- સોસાયટી રોડ, પશ્ચિમ- સોસાયટી રોડ | 20-મે-2025/ રૂ. 6,07,929/- રૂપિયા છ લાખ સાત હજાર નવસો ઓગણત્રીસ પૂરા. | 31-05-2026 |

તારીખઃ 03 જૂન, 2026, સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ



**વાપી મહાનગરપાલિકા- વાપી**

૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

(જાહેર નોટીસ)

(ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગ)

**હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દૂર કરવાની કામગીરી દરમિયાન જાહેર સલામતી સંબંધે જાહેર નોટિસ.**

ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા પત્ર ક્રમાંક : KV-01 OF 2025-UDUHD/COC/E-file/18/204/6138/P Section Dt. 01/01/2025 થી વાપીનગરપાલિકા તેમજ મોજે બલિઠા, ચણોદ, છીરી, છરવાડા, નામધા, કરવડ, સલવાવ, મોરાઈ, વટાર, કુંતા, ચંડોર, તરકપારડી સમાવેશ કરી વાપી મહાનગરપાલિકાની સ્થાપના કરવામાં આવેલ છે. આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારોમાં નીચે જણાવેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરવાના સાત (૦૭) દિવસ પહેલા વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં ટાઉનપ્લાનિંગ અને એસ્ટેટ ખાતામાં તેમજ ટેક્ષ શાખામાં દૂર કરવાના બાંધકામનો ફોટોગ્રાફ્સ સહિત ફ્લોર, ઉપયોગ વિગેરે વિગતો સહિત લેખિત જાણ કરવાની રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી ટેકનિકલ વ્યક્તિ (રજીસ્ટર્ડ એન્જિનિયર/આર્કિટેક્ટ/ક્લાર્ક એક વર્ક્સ/સ્ટ્રક્ચર એન્જિનિયર) ની નિમણૂંક કરી તેમના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે, તથા કામ કરતા વ્યક્તિઓ/મજૂરો તથા આજુબાજુની મિલકતો જાહેર જનતાની સલામતી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.
- ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા તથા ડીમોલીશન દરમિયાન પ્લોટની દરેક બાજુએ દૂર કરવાના બાંધકામની સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઈ સુધીની પતરાની વાડ (બેરીકેડ/પડદા/વિન્ડશિલ્ડ) તથા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરના માળના બાંધકામને દૂર કરવાની કામગીરી સમયે ચારે બાજુ નેટ સેફ્ટીનું પ્રોવિઝન સલામતીના જળવાઈ રહે તે હેતુસર કરવાની રહેશે. તથા આવી કામગીરી વખતે સંકળાયેલા તમામ વ્યક્તિઓ/મજૂરોને સેફ્ટી હેલ્મેટ, સેફ્ટી બૂટ, હેન્ડ ગ્લોઝ તથા અન્ય સાધનો (PPE) વિગેરે આવી કામગીરી કરાવતા માલિક/કોન્ટ્રાક્ટરો મારફતે પૂરાં પાડવાના રહેશે.
- જૂનું બાંધકામ દૂર (Demolish) કરતા જે કાટમાળ (Construction Debris), C&D Wasteનો નિકાલ જાહેર રસ્તાઓ ઉપર કરવાનો રહેશે નહીં અને C&D Waste નો નિયમોનુસાર નિકાલ કરવાનો રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી દરમિયાન જાહેરમાર્ગો/અવર જવરના રસ્તા ઉપરના વાહન વ્યવહાર કે પગપાળા અવર-જવર કરતા રાહદારીઓને અડચણ ના થાય તેની પૂરતી કાળજી રાખવાની રહેશે.
- બાંધકામ ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા અને ડીમોલીશનની કામગીરી અન્વયે ચેતવણી દર્શાવતા સાઇન બોર્ડ (Demolition Work in Progress), DANGER, CAUTION વિગેરે જાહેર રસ્તા ઉપરથી સહેલાઇથી જોઈ શકાય તે મુજબ મૂકવાના/લગાવવાના રહેશે.
- બેઝમેન્ટની ડીમોલીશનની કામગીરી દરમિયાન સલામતીને ધ્યાને લઈ યોગ્ય રીતે Shoring/Shuttering વિગેરે કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓનું પાલન અજરદાર દ્વારા ન કરવામાં આવે તો તેવા કિસ્સામાં જી.પી.એમ.સી. એક્ટ-1949 ની કલમ-248(2) મુજબ કામ અટકાવી અજરદાર સામે કાનૂની કાર્યવાહી કરવા પોલીસ વિભાગને જાણ કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

સ્થળઃ- વાપી

તારીખઃ-02/06/2026

નં. માહિતી/વલસાડ/૧૩૬/૨૦૨૬

સહી/-

મ્યુનિસિપલ કમિશનર

વાપી મહાનગરપાલિકા-વાપી